# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર** તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : ૬ • ગુણ : ૧૦૦

(Dharmik Shikshan Board Certificate Course Level : 6

**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(અ) એક શબ્દમાં જવાબ લખો :**

(૧) દેવતા વગેરેની પૂજા કરવા માટે તૈયાર કરાયેલ ભોજન વહોરાવવાથી શું દોષ લાગે ?

જવાબ–અ (૧) મંડિપાહુડિયાએ

(૨) પ્રતિલેખન કરતી વખતે કયા આસને બેસવું જોઈએ ?

જ. (૨) ઉત્કૃટ વંદનાના આસને

(૩) સાધુ-સાધ્વીને વહોરાવ્યા પછી સચેત પાણીથી હાથ કે વાસણ ધોઈએ તો કયો દોષ લાગે ?

જ. (૩) પશ્ચાત કાર્ય

(૪) સ્વાધ્યાય અને પ્રતિલેખનાના દોષથી નિવૃત્ત થવા માટે કયું સૂત્ર છે ?

જ. (૪) ત્રીજું શ્રમણ સૂત્ર

(૫) સૂત્રના રહસ્યને જાણીને તેનો ઉપદેશ આપે તેને શું કહેવાય ?

જ. (૫) ધર્મકથા

(૬) નિંદ્રામાંથી ઊઠીને કયા પાઠનો કાયોત્સર્ગ કરવો ?

જ. (૬) પહેલા શ્રમણ સૂત્ર.

**(બ)** ૧૮,૨૪,૧૨૦ પ્રકારે દોષ લાગે છે તે સમજાવો.

| | | |
|---|---|---|
| જ. (બ) જીવના ભેદ - ૫૬૩ | | ૫૬૩ |
| જીવની હિંસા ૧૦ પ્રકાર થાય છે | ૫૬૩ × ૧૦ | ૫૬૩૦ |
| રાગદ્વેષથી | ૫૬૩૦ × ૨ | ૧૧૨૬૦ |
| ત્રણ યોગ મન, વચન, કાય | ૧૧૨૬૦ × ૩ | ૩૩૭૮૦ |
| ૩ કરણ ત્રણ કાળ તે | ૩૩૭૮૦ × ૩ | ૧,૦૧,૩૪૦ |
| ત્રણ કાળ | ૧,૦૧,૩૪૦ × ૩ | ૩,૦૪,૦૨૦ |
| અરિહંત, સિદ્ધ, આચાય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી અને આત્મા. | ૩,૦૪,૦૨૦ × ૬ | ૧૮,૨૪,૧૨૦ |

**(ક) નીચેના પાઠની પૂર્તિ કરો :**

(૧) ચત્તારિ આલંબણ ............................... ધમ્મ કહા

જ. (ક) (૧) ચત્તારિ આલંબણા પન્નત્તા તંજહા વાયણા પુચ્છણા પરિયટ્ટણા ધમ્મકહા

(૨) પંચહિં કામગુણેહિં ............................... ફાસેણં

જ. (૨) પંચહિં કામગુણેહિં સંદેણં રૂવેણં ગંધેણં રસેણં ફાસેણં

(૩) વિના પ્રયોજનથી આત્મા દંડાય છે તે મૂળ પાઠ લખો.

જ. (૩) અવજઝણાયરિયં પમ્માયા ચરિયં હિંસપ્પયાણં પાવક્કમો વએસં

(૪) ચૌવિહારમાં ૪ આહારના પચ્ચક્ખાણ કરીએ છીએ તે મૂળ પાઠ લખો.

જ. (૪) અસણં, પાણં, ખાઈમં, સાઈમં.

(૫) હીણકખરં ....................................... ઘોસહીણં

જ. (૫) હીણકખરં અચ્ચખરં પયહીણં વિણયહિણં જોગહિણં ઘોસહીણં

**(ડ) મૂળ પાઠ લખો :**

| | | | |
|---|---|---|---|
| પ્ર. : જ. | (૧) દાંત, હાડકાં, શીંગડાનો વેપાર કર્યો હોય | જવાબઃ (ડ) | (૧) દંતવાણિજ્જે |
| | (૨) પાટીયું-પાટ | જવાબ | (૨) ફલગ |
| | (૩) સંયમરૂપી યાત્રા સુખરૂપ છે | જવાબ | (૩) જત્તાભે |
| | (૪) રૂપ બતાવીને મર્યાદા બહારથી વસ્તુ મંગાવી હોય | જવાબ | (૪) રૂવાણુવાએ |
| | (૫) સ્પર્શ્યું ન હોય - સ્પર્શના ન કરી હોય. | જવાબ | (૫) ન ફાસીયં |

**(ઈ) અર્થ લખો :**

૧) લોએ ૨) હુજ્જમે કાઉસગ્ગો ૩) ઘોસહીણં ૪) ઓસહ

જવાબઃ (ઈ) ૧) લોકમાં રહેલા ૨) મારો ૪) શુદ્ધ ઉચ્ચાર વિના ૪) ઔષધ

૫) કામભોગા સંસપ્પઓગે

જ. ૫) કામભોગ વિશે મનુષ્ય તથા દેવ સંબંધી તીવ્ર અભિલાષા કરી હોય

૬) ઉસ્સુત્તો ૭) વિસલ્લી કરણેણં ૮) વિત્તિગિચ્છા

જ. ૬) સૂત્ર વિરુદ્ધ કર્યું હોય ૭)ત્રણ શલ્યથી રહિત થવા માટે ૮) કરણીના ફળમાં સંદેહ રાખ્યો હોય

૯) તપ્પડિ રૂવગવવહારે ૧૦) સઈ અંતરદ્ધાએ.

જ. ૯) સારી વસ્તુ દેખાડી ખરાબ વસ્તુ આપી હોય ૧૦) સંદેહ પડચા છતાં આગળ વધાયું હોય

**પ્ર. : ૨. આગાર ધર્મના સ્વરૂપને આધારે :**

(અ) પંચેન્દ્રિય પણે ......... ભવ ઓછા મળ્યા. અનંત મિથ્યાત્વીની સામે એક જીવ......... એવા અસંખ્ય સમકિતી જીવોની સરેરાશે એક જીવ.........માટે શ્રાવક ધર્મની દુર્લભતા જાણી આરાધક બનવા........ કરવા તેના સ્વરૂપને જાણીએ.

**જ. ૨:** (અ) પંચેન્દ્રિય પણે <u>મનુષ્યના</u> ભવ ઓછા મળ્યા. અનંત મિથ્યાત્વીની સામે એક જીવ <u>સમકિતી</u> એવા અસંખ્ય સમકિતી જીવોની સરેરાશે એક જીવ <u>શ્રાવક</u> માટે શ્રાવક ધર્મની દુર્લભતા જાણી આરાધક બનવા <u>સમ્યક્ પરાક્રમ</u> કરવા તેના સ્વરૂપને જાણીએ.

(બ) <u>જોડકાં જોડો :</u>

| | |
|---|---|
| ૧) આત્માનો ગુણ | ૧) આગાર ધર્મ અણગાર ધર્મ |
| ૨) ધર્મના મુખ્ય પ્રકાર | ૨) તુંગીયા નગરીના શ્રાવક |
| ૩) ચારિત્ર ધર્મના બે પ્રકાર | ૩) શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મ |
| ૪) શ્રમણોપાસક | ૪) જ્ઞાન, દર્શન |
| ૫) ભગવતી સૂત્રમાં | ૫) શ્રાવક આનંદ, કામદેવ |

**જ. (બ)**

| | | |
|---|---|---|
| ૧) આત્માનો ગુણ | = | જ્ઞાન, દર્શન |
| ૨) ધર્મના મુખ્ય પ્રકાર | = | શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મ |
| ૩) ચારિત્ર ધર્મના બે પ્રકાર | = | આગાર ધર્મ અણગાર ધર્મ |
| ૪) શ્રમણોપાસક | = | શ્રાવક આનંદ, કામદેવ |
| ૫) ભગવતી સૂત્રમાં | = | તુંગીચા નગરીના શ્રાવક |

---

**પ્ર. : ૩ નવ તત્વના આધારે જવાબ લખો :**

**(અ) વ્યાખ્યા લખો : (કોઈ પણ ત્રણ)**

નિશ્ચયનયથી જીવની, કર્મભૂમિ, પુણ્યતત્વ, પ્રમાદ, સ્વયંબુધ્ધસિધ્ધા.

**જ. ૩ (અ)** (૧) જ્ઞાનદર્શન તથા ચારિત્રરૂપ નિજ ગુણનો જ ભોક્તા છે તેને જીવ કહેવાય.

(૨) અસિ, મસિ અને કૃષિ આ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે કર્મભૂમિ.

(૩) શુભ કમાણીએ શુભ કર્મના ઉદયે કરી જેના ફળ ભોગવવા આત્માને મીઠા લાગે તે પુણ્ય તત્ત્વ.

(૪) આત્માના લક્ષ સિવાયની દરેક પ્રવૃત્તિ તે પ્રમાદ છે.

(૫) ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી. પ્રતિબોધ પામી મોક્ષમાં જાય તે સ્વયંબુદ્ધસિદ્ધા - કપિલ આદિ.

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) નારકી અને દેવતાનું - સંઘયણ અને સંઠાણ લખો.

**જ. ૩ (બ)** (૧) નારકી દેવતા અસંઘયણી અને નારકીનું હુંડ સંઠાણ દેવતાનું સમચોરસ સંઠાણ.

(૨) અનંતાનુબંધી કષાય એટલે શું ?

**જ.** (૨) જે ૪ કષાય સમ્યક્ શ્રદ્ધા ન થવા દે, અનંતો સંસાર બંધાવે, જીવન પર્યંત સાથે રહે તે અનંતાનું બંધી કષાય.

(૩) યથાખ્યાત ચારિત્ર એટલે શું ?

**જ.** (૩) સંપૂર્ણ વીતરાગ અવસ્થા જે ચારિત્રના આચરણથી જન્મજરા મરણ રહિત એવું મોક્ષસ્થાન પમાય.

(૪) સકામ નિર્જરા એટલે શું ?

**જ.** (૪) આત્મશુદ્ધિના આશયથી સમકિતની હાજરીમાં તપ દ્વારા સમભાવપૂર્વક કષ્ટ સહન કરી થતી કર્મની નિર્જરા.

(૫) કેટલી અવગાહના અને આયુષ્યવાળો જીવ મોક્ષમાં જાય ?

**જ.** (૫) જઘ. ૨ હાથ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહના તથા જઘ. ૯ વર્ષ ઉ. ક્રોડ પૂર્વના આયુષ્યવાળો જીવ મોક્ષમાં જાય.

**(ક) ટૂંકમાં જવાબ લખો (કોઈ પણ ચાર) :**

(૧) વ્યાવહારિક જીવનમાં નવ તત્વમાંથી બંધ તત્વને જાણી શું કરશો ?

**જવાબ (ક)** (૧) કર્મબંધનના પ્રકારો ગણી તેને અટકાવવા મંદ રસ કરવા પુરુષાર્થ કરવો.

(૨) બાંધેલ કર્મ પોતાની સ્થિતિથી વધુ ટકવાના નથી એવી સમજણ કેળવી અનુકૂળતા પ્રતિકૂળતાને સમભાવપૂર્વ સહન કરવા જાગૃત બનવું. (૩) કર્મબંધ દરમ્યાન પણ અશુભ કાર્ય મંદ રસ રસે બંધાય તરત નિષ્ફળ થાય તે માટે પશ્ચાત્તાપ કરવો.

(૪) ક્રોધ તથા માનને જીવતા 'કમ ખાના ગમ ખાના નમ જાના' સૂત્ર અપનાવવું અને માયા અને લોભને જીતવા સરળ અને સંતોષી હૃદયમાં જ ધર્મ ટકી શકે છે. આ સૂત્ર અપનાવવું.

(૨) કેટલા બોલનો ધારક મોક્ષમાં જાય, તેમાંથી ૧૦ બોલ લખો.

**જ.** (૨) ૧૦ બોલનો ધણી ૧) ત્રસ, ૨) બાદર, ૩) પર્યાપ્તા, ૪) સંજ્ઞી, ૫) મનુષ્યગતિ, ૬) ઋષભનારાચસંઘયણ, ૭) ભવ્ય સિદ્ધક, ૮) ચરમ શરીર, ૯) ક્ષાયક સમકિત, ૧૦) પંડિતવીર્ય

(૩) કુલ તપના પ્રકાર, તેમાંથી આભ્યંતર તપના નામ લખી ધ્યાન તપમાં

**જ. (૩) કુલ બાર તપમાં ૬ બાહ્ય - ૬ આભ્યંતર ૧) પ્રાયશ્ચિત્ત, ૨) વિનય, ૩) વૈયાવચ્ચ, ૪) સ્વાધ્યાય, ૫) ધ્યાન, (૬) વ્યત્સર્ગ.**

શુભ અને અશુભ ધ્યાનના નામ લખો.

**ધ્યાન : કોઈ પણ એક જ વિષય ઉપર મનની એકાગ્રતા કરવી તેનું નામ ધ્યાન. ધ્યાન ૪ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. માઠાધ્યાન છોડવા યોગ્ય અને ધર્મધ્યાન અને શુકલ ધ્યાન શુભધ્યાન ધ્યાવવા યોગ્ય છે.**

(૪) ચારિત્રના પ્રકારના નામ લખી સામાયિક ચરિત્રને ટૂંકમાં સમજાવો.

**જ. (૪) ચારિત્રના પાંચ પ્રકાર ૧) સામાયિક, ૨) છેદોપસ્થાપનીય, ૩) પરિહાર વિશુદ્ધ, ૪) સૂક્ષ્મ સંપરાય, ૫) યથાખ્યાત ચારિત્ર.**

(૫) <u>માત્ર સંખ્યા લખો :</u> આશ્રવના સામાન્ય અને વિશેષ ભેદ, ભાવના, પાપની પ્રકૃતિ, જીવના ભેદ વિસ્તારથી, પંચેન્દ્રિય જીવના ભેદ, અજીવ તત્વના સંક્ષેપ્તથી ભેદ.

**જ. (૫) ૨૦, ૪૨, ૧૨, ૮૨, ૫૬૩, ૫૩૫, ૧૪.**

**જ. (૬) પાપતત્ત્વની વ્યાખ્યા લખો**

**(ડ) કોઠો આડો-અવળો થઈ ગયો છે, સરખો ગોઠવી લખો :**

| કર્મ | કોના સમાન | ગુણ |
|---|---|---|
| ૧) જ્ઞાનાવરણીય | ૧) મદિરાપાન સમાન | ૧) અમૂર્ત |
| ૨) દર્શનાવરણીય | ૨) બેડી સમાન | ૨) અવ્યાબાધ આત્મિક સુખ |
| ૩) વેદનીય | ૩) રાજાના ભંડારી સમાન | ૩) અનંતજ્ઞાન |
| ૪) મોહનીય | ૪) ચિત્રકાર સમાન | ૪) અનંતવીર્ય |
| ૫) આયુષ્ય | ૫) આંખના પાટા સમાન | ૫) અનંત દર્શન |
| ૬) નામ | ૬) કુંભારના ચાકડા સમાન | ૬) અગુરુલઘુ |
| ૭) ગોત્ર | ૭) રાજાના દ્વારપાળ સમાન | ૭) અક્ષયસ્થિતિ |
| ૮) અંતરાય | ૮) મધે ખરડાયેલ તલવાર | ૮) વીતરાગતા |

**જવાબઃ (ડ)**

| | | |
|---|---|---|
| ૧ | ૫ | ૩ |
| ૨ | ૭ | ૫ |
| ૩ | ૮ | ૨ |
| ૪ | ૧ | ૮ |
| ૫ | ૨ | ૭ |
| ૬ | ૪ | ૧ |
| ૭ | ૬ | ૬ |
| ૮ | ૩ | ૪ |

**(ઈ) એક શબ્દમાં જવાબ લખો :**

**સવાલ સાથે જવાબ :**

(૧) વલ્કલચીરી કયા લીંગે સિદ્ધ થયા ? **જ. : અન્ય લિંગ સિદ્ધા**

(૨) નામ કર્મની જઘન્ય સ્થિતિ લખો ? **જ. : ૮ મુહૂર્ત**

(૩) કયા અજીવ તત્વને અસ્તિકાય ન હોય ? **જ. : કાળ**

(૪) જગ્યા કે સ્થાન આપવાથી કયું પુન્ય બંધાય ? **જ. : લયણ પુન્ને**

(૫) મહોરગ કયા પ્રકારના દેવ છે ? **જ. : વાણવ્યંતર**

(૬) અશરણ ભાવના કોણે ભાવી ? **જ. : અનાથી મુનિ**

---

**પ્ર. : ૪. આગમ સૂત્ર પરિચયને આધારે કોઈ ચારના જવાબ લખો :**

(૧) ગણધર ગુંથીત આગમ કેટલા ? તેમાંથી વિચ્છેદ ગયેલ આગમનું કારણ અને તે આગમમાં શું આવે છે તે લખો ?

**જવાબ : ૪ (૧) કુલ ૧૨ અંગ સૂત્ર ગણધર ગુંથીતમાંથી દષ્ટિવાદ સૂત્ર તીર્થંકરની ૨ પાટ સુધી જ ચાલે, પછી ધીરે ધીરે લુપ્ત થાય છે. ૧૪ પૂર્વનું જ્ઞાન સમાષ્ટિ હોય છે.**

(૨) અંતગડ સૂત્રમાં શેનું વર્ણન આવે છે ?

**જ. (૨) અંતગડ સૂત્રમાં ગજસુકુમાલ, અર્જુનમાળી, શ્રેણિકની રાણી આદિ તથા તેમના વિવિધ તપનું વર્ણન છે.**

(૩) પુપ્ફિયા આગમમાં શું આવે છે ?

**જ. (૩) પુપ્ફિયામાં ભગવાન મહાવીરનાં દર્શન કરવા પધારેલ ચંદ્ર તથા સૂર્યદેવોનું સોમિલ અને પારસનાથનો સંવાદ તથા બહુ પુત્રીકાદેવી આદિનું વર્ણન છે.**

(૪) કાલકુમારના ૧૦ ભાઈઓ અને ૧૦ દીકરાનું વર્ણન કયા આગમમાં આવે છે ?

**જ. (૪) કપ્પવડિંસિયા સૂત્રમાં કાલકુમારના ૧૦ ભાઈ અને ૧૦ દીકરાનું વર્ણન છે.**

(૫) દઢ પ્રતિજ્ઞ કેવળીના આગળના ભવોનાં નામ લખો.

**જ. (૫) સૂર્યાભદેવ તથા પરદેશી રાજા દઢ પ્રતિજ્ઞ કેવળીના આગળના ભવોના નામ છે.**

(૬) નિષધકુમાર તથા બલભદ્ર કોની પાસે દીક્ષા લે છે ? તે કયા આગમમાં આવે છે ?

**જ. (૬) નેમનાથ ભગવાન પાસે દીક્ષા લે છે. વહ્નિ દશા સૂત્રમાં આવે છે.**

**પ્ર. : ૫. કથાના આધારે જવાબ લખો : (ક) ખાલી જગ્યા પૂરો :**

(૧) મેઘકુમાર અનશન કરવા ........... પર્વત ઉપર ગયા.

**જવાબઃ ૫ (ક) (૧) મેઘકુમાર અનશન કરવા વિપુલગિરિ પર્વત ઉપર ગયા.**

(૨) તિર્યંચના ભવમાં દયા પાળવાથી ........... ભવ મળ્યો.

**જ. (૨) તિર્યંચના ભવમાં દયા પાળવાથી માનવભવ ભવ મળ્યો.**

(૩) મેઘકુમારની માતા ........... પિતા ........... નગરી ...........

**જ. (૩) મેઘકુમારની માતા ધારિણીરાણી પિતા શ્રેણિક નગરી રાજગૃહી**

(૪) મહાવીર પ્રભુ ........... નામક ઉદ્યાનમાં પધાર્યા.

**જ. (૪) મહાવીર પ્રભુ ગુણશીલ નામક ઉદ્યાનમાં પધાર્યા.**

**(ખ) કોણ બોલે છે, કોને કહે છે ...**

(૧) હા, ગૌતમ આ જ નગરમાં રાજાનો દીકરો જન્માંધ આદિ છે.

**જવાબ (ખ) (૧) ભગવાન મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહે છે એક જન્માંધ પુરુષ.**

(૨) એવું કોણ જ્ઞાની અને તપસ્વી છે કે જેણે મારા આ છુપાવેલા રહસ્યને જાણી લીધું ?

**જ. (૨) મૃગાવતી રાણીએ ગૌતમ સ્વામીને પૂછ્યું, કારણ કોઈને ખબર ન પડે તે રીતે તે જન્માંધ, મૂંગો-અપંગ સંતાનનો ઉછેર ગુપ્ત રીતે કરી રહ્યા તે વાત ગૌતમ સ્વામીને કોણે કહી એવું કોણ જ્ઞાની છે કે જે રહસ્યને જાણી ગયા તેવું વિચારી પૂછે છે.**

(૩) પૂર્વભવના કયા પાપથી મૃગાપુત્ર આવા નરક જેવા પાપ ભોગવે છે?

**જ. (૩) ગૌતમ સ્વામીએ મહાવીર સ્વામીને પૂછ્યું, અનિષ્ટ દુર્ગંધ મારતો ફક્ત ઈન્દ્રિયના ચિન્હ ધરાવતો અતિ દુઃખ ભોગવતો મૃગાપુત્રને જોઈને આવ્યા પછી ભગવાનને પૂછે છે કે ક્યા કર્મના કારણે આવું દુઃખ ભોગવી રહ્યો છે.**

**(ગ) ટૂંકમાં જવાબ આપો :** (૧) ઇન્દ્રને અવધિ જ્ઞાનનો ઉપયોગ શા માટે કરવો પડ્યો ?

**જવાબ : (ગ) (૧) દર્શાણ ભદ્રરાજા ભગવાનના દર્શન કરવા જતા હતા ત્યારે ઈન્દ્ર જેવો ઠાઠ કર્યો હતો અને ગર્વ અને અભિમાનથી ઊભરાઈ ગયા હતા. તેનું અભિમાન ઉતારવા વૈક્રિય લબ્ધિનો ઉપયોગ કર્યો.**

(૨) દશાર્ણભદ્ર રાજાનું અભિમાન કઈ રીતે ઉતરી ગયું ?

**જ. (૨) આઠ દંતશૂળવાળા હાથીના દાંત ઉપર પુષ્કરીણીઓ તેમાં ૮ પાંખડીચા ૮ કમળ, દરેક પાંખડી પર ૩૨ નાટકની રચના કરી પોતાની લક્ષ્મીથી સમસ્ત ગગનમંડળને પૂર્યો. આ વૈભવ જોઈ દર્શાણ ભદ્રરાજા શરમમાં મુકાઈ ગયા અને પોતે કરેલા અભિમાન પ્રત્યે ખેદ અનુભવવા લાગ્યો.**

(૩) ઇન્દ્ર દર્શાર્ણભદ્ર સામે શા માટે ઝૂકી ગયા ?

**જ. (૩) ઈન્દ્રનો વૈભ જોઈ દર્શાણ ભદ્રરાજાએ વિચાર્યું કે આવો વૈભવ અને સમૃદ્ધિ પૂર્વે અહિંસામય, ધર્મસંયમ અને તપમય નિર્વદ્ય ધર્મનું આચરણ કરવાથી પ્રાપ્ત થઈ છે. પોતાને વૈભવ પ્રત્યે વિરક્તિ જાગી. સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો અને વસ્ત્ર-અલંકારનો ત્યાગ કરી સંયમ અંગીકાર કરી લીધો. સંયમીની આત્મરિદ્ધિ સામે ઈન્દ્ર ઝૂકી ગયા.**

(૪) મૃગાપુત્રને કયો રોગ હતો ? ગર્ભકાળમાં તેની શી અસર દેખાઈ ?

**જ. (૪) મૃગાપુત્રને ભસ્મક નામનો રોગ હતો. ગર્ભમાં જ તેની ૮ નાડીમાંથી રૂધિર અને ૮ નાડીમાંથી પરૂ વહેતાં હતાં. રાણી રાજાને અપ્રિય થઈ ગઈ હતી.**

---

**પ્ર. : ૬. કાવ્ય વિભાગ : નીચેની પંક્તિ પૂર્ણ કરો :** (૧) સોહં ................ ...... પરિપાલનાર્થં

**જવાબ : ૬ (૧) સોહમ્ તથાપિ તવ ભક્તિ વશાન્મુનીશ ! કર્તું સ્તવં વિગત શક્તિ-રપિ પ્રવૃતઃ ।
પ્રીત્યાત્મ વીર્ય મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥**

(૨) વક્તું ...................... ભુજાભ્યાં.

**જ. (૨) વક્તું ગુણાન ગુણ સમુદ્ર ! શશાંક કાંતાન્, કસ્તે ક્ષમઃ સુરગુરુ પ્રતિમોપિ બુદ્ધયા ।
કલ્પાંતકાલ પવનૈદ્ધત નક્રચક્રં, કોવા તરીતુમલમ્બુનિધિં ભુજાભ્યામ્ ॥**

(૩) ધન્નોને .................... ટાળશે ભવની ખોડ

**જ. (૩) ધન્નોને શાલિભદ્ર મુનિશ્વરોની જોડ, નારીનાં બંધન તત્ક્ષણ નાંખ્યા તોડ ।
ઘર કુટુંબ કબીલો ધન કંચનની ક્રોડ, માસમાસખમણ તપ ટાળશે ભવની ખોડ ॥**

(૪) સુબાહુ પ્રમુખ ............. સુખવિપાકે અધિકાર.

**જ. (૪) સુબાહુ પ્રમુખ પાંચ પાંચસે નાર, તજી વીરપે લીધા પંચ મહાવ્રત સાર ।
ચારિત્ર લઈને પાળ્યા નિરતિચાર, દેવલોકે પહોંચ્યા સુખ વિપાકે અધિકાર ॥**

**॥ જય જિનેન્દ્ર ॥**

સીઓકે.....